# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-06-2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1. **વિમાન દુર્ઘટનાના મૃતકોના 131 ડીએનએ નમૂના મેચ થયા - ગત મોડી રાત સુધીમાં 83 પાર્થિવ શરીર સોંપાયા.**
2. **રાજ્યભરમાં છેલ્લા ચોવિસ કલાક 220 તાલુકામાં વરસાદ - સૌથી વધુ ગઢડામાં સાડા તેર ઇંચ અને પાલીતાણામાં સાડા અગિયાર ઇંચ જેટલો સાંબેલાધાર વરસાદ – એનડીઆરએફ અને કોસ્ટગાર્ડ દ્વારા બચાવ કામગીરી.**
3. **ભાવનગરના તલગાજરડામાં ફસાયેલા 33 વિદ્યાર્થીઓ અને અમરેલીના પિપાવાવમાં પાણીમાં ફસાયેલા 22 કર્મચારીઓને બચાવાયાં.**
4. **અશ્રુભિની આંખો સાથે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનો નશ્વર દેહ પંચમહાભૂતમાં વિલિન - આજે રાજકોટમાં પ્રાર્થના સભા.**
5. **કડી અને વિસાવદરમાં 19મી જૂને યોજનારી પેટાચૂંટણીના પ્રચારના પડઘમ આજે સાંજે પાંચના ટકોરે થંભી જશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AMDAVAD DNA MATCH

અમદાવાદ વિમાન દુર્ઘટનાના 131 મૃતકના **DNA** નમૂના મૅચ થયા છે. જ્યારે 83 પાર્થિવ શરીર મૃતકોના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. ગાંધીનગરમાં ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળા- **FSL**ની ટીમ **DNA** મૅચ કરવા દિવસરાત કામ કરી રહી છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઈકાલે ગાંધીનગર **FSL** કચેરીની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી હતી.

---

# PLANE CRASH RESCUE

પ્લેનક્રેશનો કૉલ મળતાં ફાયરની પહેલી ટીમ માત્ર ત્રણ મિનિટમાં ઘટનાસ્થળે પહોંચી જતાં 30 લોકોને બચાવી શકાયા હોવાનું અમદાવાદના ચીફ ફાયર ઑફિસર એ.એ. ડોંગરેએ જણાવ્યું હતું. **100**થી વધારે ફાયર ફાઇટર, **98**થી વધારે એમ્બ્યુલન્સ અને અન્ય સાધનો તેમજ જુદી જુદી એજન્સીઓ વચ્ચેના સુમેળભર્યા સંકલનને કારણે માત્ર ચાર કલાકમાં રેસ્ક્યૂ ઓપરેશન પૂર્ણ થઈ શક્યું હોવાનું પણ તેમણે કહ્યું હતું.

## બાઇટ- એ.એ.ડોંગરે, ચીફ ફાયર ઓફિસર, અમદાવાદ

---

# PLANE CRASH POLICE PERFORMANCE

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં રાહત , બચાવ, ટ્રાફિક અને વ્યવસ્થામાં રાજ્યની પોલીસે મહત્વનો ફાળો આપ્યો છે. વહીવટી તંત્ર , આરોગ્ય વિભાગ અને અન્ય એજન્સીઓ સાથે સુચારું સંકલન દ્વારા પોલીસ પ્રશંસનીય કામગીરી કરી રહી છે.

વોઇસ કાસ્ટ: યશવી મહેતા

અમદાવાદના મેઘાણીનગરમાં વિમાની દુર્ઘટના બાદથી જ પોલીસ વિભાગ દ્વારા સતતપણે સંયમ અને શિસ્ત સાથે બહુઆયામી કામગીરી કરવામાં આવી હતી. શહેર પોલીસની વિવિધ ટીમોને તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી શરૂ કરી હતી. શહેર પોલીસ કમિશનર જી. એસ. મલિકે જણાવ્યું કે ઘટનાસ્થળે ભીડને કાબૂમાં કરવા સાથે મૃતદેહો અને અસરગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવા તથા ટ્રાફિક અને વ્યવસ્થાના નિયમનમાં પોલીસ તંત્રએ ચાવીરૂપ ભૂમિકા નિભાવી હતી. સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓના સગાઓને પાર્થિવ દેહ સોંપવાની કામગીરીમાં પણ પોલીસજવાનો મદદરૂપ થઈ રહ્યા છે.

**યશવી મહેતા, આકાશવાણી સમાચાર, અમદાવાદ**

---

# STATE RAIN

રાજ્યમાં ગઇકાલે સાંજે છ વાગ્યાથી આજે સવારના ચાર વાગ્યા સુધીમાં રાજ્યના મોટાભાગના તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. આ સમયગાળા દરમિયાન 220 તાલુકામાં અતિભારેથી હળવો વરસાદ વરસ્યો છે.

સૌથી વધુ વરસાદ બોટાદના ગઢડા તાલુકામાં સાડા તેર ઇંચ અને ભાવનગર તાલુકાના પાલીતાણામાં લગભગ બાર અને સિહોરમાં સાડા અગિયાર ઇંચ વરસાદ નોંધાયો છે. જ્યારે જેસર અને ઉમરાળામાં દસ ઇંચ કરતાં વધુ વરસાદ ખાબક્યો હતો.

જ્યારે અમદાવાદમાં પણ ગઇકાલે ચોવિલ કલાક દરમિયાન પાચં ઇંચ કરતાં વધુ વરસાદ ખાબકતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ હતી. વાવાઝોડા સાથે વરસાદ વરસતા વાતાવરણમાં અસહ્ય ઉકળાય અને ગરમીમાંથી લોકોને રાહત મળી હતી.

---

# STATE RAIN – NUMBERS

રાજ્યમાં ગઇકાલે રાત્રે વર્ષા ઋતુના આગમન બાદ રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં વરસાદ નોંધાયો છે. ગકલે રાત્રે ૧૦ વાગ્યા સુધી મળેલ આંકડા મુજબ, સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા પંથકમાં સાડા ત્રણ ઇંચ , સાયલામાં આશરે ત્રણ ઇંચ , ચૂડા અને મૂળી તાલુકામાં બે ઇંચ તથા દસાડા, લખતર , લીંબડીમાં સરેરાશ એક ઇંચ વરસાદ નોંધાયો હતો.

---

# RAIN RESCUE

રાજ્ના મોટાભાગના વિસ્તારોમાં અતિભારેથઈ હળવો વરસાદ વરસી રહ્યો છે ત્યારે અમરેલીમાં બારે મેઘ ખાંગા થયા છે અતિભારે વરસાદના પગલે અનેક સ્થળોએ વરસાદી પાણીમાં લોકો ફસાયા હોવાને કારણે સ્થાનિક તંત્ર એનડીઆરએફ અને કોસ્ટ ગાર્ડ  દ્વારા તેમને ઉગારવાની કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં અમરેલીમાં પાણી   પુરવઠાની સાઇટ પર ફસાયેલા 24 નાગરિકોને પીપાવાવ કોસ્ટ ગાર્ડ દ્વારા રેસ્ક્યુ કરી વિકટર ગામની શાળા ખાતે સલામત રીતે ખસેડવામાં આવ્યા હતા.. જ્યારે ખાનગી બસમાં સવાર હતા તેવા પાંચ મુસાફરોને સાવરકુંડલાના ફીફાદ ગામેથી રેસ્ક્યુ કરવામાં આવ્યાઃ આ દરમિયાન પૈકીના એક મુસાફર ઝાડ પર ચડી જતાં તેમને અમરેલી ફાયર ટીમ દ્વારા રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા

બીજીતરફ ભાવનગરના મહુવા તાલુકાના તલગાજરડા ગામ નજીક રાતોલ-તલગાજરડા રોડ ઉપરથી જતા મોડેલ હાઈસ્કૂલના અંદાજિત 33 જેટલા વિદ્યાર્થીઓ અચાનક રૂપાવ નદીમાં આવેલા જળસ્તર અને પુરના પ્રવાહમાં ફસાઈ ગયા હતા. આ તમામ બાળકોને સમયસર સહી સલામત રીતે બચાવી લેવામાં આવ્યા છે. ઉપરવાસના ભારે વરસાદને કારણે જળપ્રવાહ ખૂબ તેજ હોવાથી રોડ ક્રોસ કરતી વેળાએ તેમને નદીના બાજુના એક ખાનગી મકાનમાં આશ્રય લેવા મજબૂર થવું પડ્યું હોવાનું કલેક્ટર મનિશ કુમાર બંસલે જણાવ્યું હતું..

**બાઇટ- મનિષ કુમાર બંસલ, કલેક્ટર, ભાવનગર**

# RUPANI FUNERAL

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજય રૂપાણીને ગઇકાલે રાજકોટ ખાતે ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાય આપવામાં આવી હતી. સ્વ. વિજય રૂપાણીના પાર્થિવ દેહને અમદાવાદથી હવાઈમાર્ગે રાજકોટ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ લાવવામાં આવ્યો હતો. ત્યાંથી તેમના પાર્થિવ દેહને સડક માર્ગે ઘરે લઈ જવાયો ત્યારે ગ્રીનલેન્ડ ચોકડી ખાતેથી મોટી સંખ્યામાં લોકો સ્વયંભૂ જોડાયા હતા.

આ યાત્રા શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થઈ, ત્યારે અનેક લોકોએ દિવંગત વિજય રૂપાણીને અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ આપી હતી. બાદમાં પાર્થિવ દેહને અંતિમ દર્શન માટે તેમના નિવાસ સ્થાન "પુજીત" ખાતે રાખવામાં આવ્યો હતો. અહીં અનેક મહાનુભાવો, જૈનાચાર્યો, ધાર્મિક, સામાજિક અગ્રણીઓ, સ્વજનોએ તેમને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

બાદમાં સ્વ. વિજયભાઈના પાર્થિવ દેહને પૂરા રાજકીય સન્માન અને પોલીસ બેન્ડ સાથે પ્રકાશ સોસાયટીમાં આવેલા ધ્યાનશંકર મહાદેવના મંદિરના પ્રાંગણમાં લાવવામાં આવ્યો હતો. અહીં ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું. બાદમાં કેન્દ્રીય ગૃહ તથા સહકારિતા મંત્રી અમિત શાહ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ, કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયા ઉપરાંત મોટી સંખ્યામાં આવેલા રાજકોટના રાજકીય, સામાજિક અગ્રણીઓ, નગરજનોએ શ્રદ્ધાંજલિ આપી હતી.

આજે બપોરે 3થી 6 કલાકે રાજકોટ ખાતે પ્રાર્થનાસભા યોજાશે તેમજ 19 જૂનના રોજ ગાંધીનગર ખાતે પ્રાર્થનાસભા યોજાશે.

---

# BY ELECTION

મહેસાણા જિલ્લાની કડી તથા જુનાગઢ જિલ્લાની વિસાવદર વિધાનસભા મતવિસ્તારમાં આજે સાંજે 5 વાગ્યાથી ચૂંટણી પ્રચાર પર બંધ થઈ જશે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર આજે સાંજે 5 કલાકથી એટલે કે મતદાન પૂર્ણ થવાના કલાક પૂર્વેના છેલ્લા 48 કલાક દરમિયાન ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ રહેશે. જે તે મત વિભાગના મતદાર ન હોય તેવા અને મત વિભાગમાં પ્રચાર અર્થે બહારથી આવેલા કોઈ પણ પક્ષના રાજકીય કાર્યકર્તા , પક્ષના પ્રચારક વગેરે ચૂંટણી પ્રચારનો અંત આવતાં જે તે મત વિભાગ છોડીને જતા રહે તેની ચૂંટણી તંત્ર તથા પોલીસ વહીવટી તંત્ર દ્વારા ખાતરી કરવામાં આવશે. આ સમયગાળામાં પ્રચાર-પ્રસાર પર પ્રતિબંધ ઉપરાંત કલ્યાણ મંડપો , સામુદાયિક હૉલ, સમાજની વાડીઓ વગેરે મકાનની હદમાં , હૉસ્ટેલ્સ તથા ધર્મશાળાઓમાં બંને મતવિસ્તાર સિવાયની બહારની વ્યક્તિઓ ન રહે તે સુનિશ્ચિત કરાશે.

ઉલ્લેખનીય છે કે આ બંને બેઠકો પર 19 જૂને મતદાન થશે જ્યારે 23 જૂને મત ગણતરી હાથ ધરાશે.

---

# WEATHER

હવામાન વિભાગે આજે સૌરાષ્ટ્ર અને કચ્છમાં વિવિધ સ્થળ પર ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. અરુણાચલ પ્રદેશ , છત્તીસગઢ, કર્ણાટકના

દરિયાકાંઠા, પશ્ચિમ બંગાળ, ગુજરાત, કોંકણ, ગોઆ, મધ્ય મહારાષ્ટ્ર, ઓડિશા અને ઉત્તર-પૂર્વ રાજ્યોમાં પણ આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન ધોધમાર વરસાદની સંભાવના છે.

વિભાગે બિહાર , ઝારખંડ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં આજે ભારે પવન સાથે વાવાઝોડું ફૂંકાય તેવી શક્યતા છે. આ ઉપરાંત દિલ્હી NCR વિસ્તારમાં 20 જૂન સુધી વાવાઝોડા સાથે સામાન્યથી મધ્યમ વરસાદ થવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે.